# જૂનાગઢ બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ દ્વારા આયોજિત એસ.એસ.આઈ.પી. કાર્યક્રમ








જૂનાગઢ તા.૨૬ આજ રોજ તા.૨૬/૦૨/૨૦૨૪ ના બહાઉદ્દીન સરકારી આર્ટ્સ કોલેજ જૂનાગઢ ખાતે આચાર્ય પી.વી. બારસીયા પ્રેરણાથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી અંતર્ગત "નવી આઈડી કેવી રીતે બ-નાવવી" વિષય પર વર્કશોપ નું કોલેજના મધ્યસ્થ ખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી થી પધારેલા એસ.એસ.આઈ.પી. સંયોજક ડો. મૃણાલ અંબાસણા એ વક્તા તરીકે એસ.એસ.આઈ.પી. પોગ્રામ અંગે માહિતી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓ સાગે ગોષ્ઠી કરતા જણાયેલ કે, યુનિક-આઈડિયા કેવી રીતે ડેવલપ મરી શકાય અને આ આઈડિયાથી ઉદ્યોગ મોડેલ કઈ રીતે વિકસાવી શકાય. વધુમાં તેઓએ જણાવેલ કે, એસ.એસ.આઈ.પી. અંતર્ગત કોણ એપ્લાઈ કરી શકે અને કોણ તેમના માટે ગ્રાન્ટ ઉપલબ્ધ કરી છે. તેઓએ વિદ્યાર્થીઓને માહિતી આપતા જણાવ્યું મે, રૂ.૨,૫૦,૦૦૦/- થી લઈને ૨૫,૦૦,૦૦૦/- સ-ુધીની સરકારની જૂદી જુદી એજન્સી નવા ઈનોવેશન માટે વિદ્યાર્થીઓને નાણાકીય સહાય આપે છે. તેઓએ પ્રોટોટાઈપ શું છે, આઈડિયા વેલિડેશ, પેટન્ટ વગેરે અંગે તલસ્પર્શી જ્ઞાન વિદ્યાર્થીઓને આપેલ છે.

સમગ્ર વર્કશોપનું આયોજન કોલેજના એસ.એસ.આઈ.પી. કોર્ડિનેટર ડો. દીનાબેન લોઢીયા એ કરેલ. કાર્યક્રમ નું સંચાલન એસ.એસ.આઈ.પી. સહ - કોર્ડિનેટર ભાવનાબેન ઠુમર એ કરેલ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાંએસ.એસ.આઈ.પી. ના સભ્યો ડો. રાજીવ ડાંગર તથા ડો. ભાવસિંહ બારડ એ મહેનત ઉઠાવી હતી. કોલેજના તમામ અધ્યાપકો હાજરો રહી ને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરેલ હતો.

દિવ્ય ભાસ્કર જૂનાગઢ ભાસ્કર 27-02-2024

# સરકારની એજન્સીઓ નવા ઈનોવેશન માટે 2.50 લાખથી 25 લાખની સહાય આપે છે

## નવા આઈડિયા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તે અંગેનો બહાઉદ્દીનમાં વર્કશોપ

એજ્યુકેશન રિપોર્ટર | જૂનાગઢ

નવા આઈડિયા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તે અંગેનો બહાઉદ્દીન આર્ટસ કોલેજમાં વર્કશોપ યોજાયો હતો. આમાં વિદ્યાર્થીઓને આઈડિયાનો કઈ રીતે ઉદ્યોગ મોડેલ તરીકે વિકસાવી શકાય તેની અને સાથે તેમાં મળતી નાણાંકીય સહાયની પણ જાણકારી અપાઈ હતી. આ અંગે મળતી વિગત મુજબ બહાઉદ્દીન આર્ટસ કોલેજમાં આચાર્ય પી.વી. બારસીયાના માર્ગદર્શનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી અંતર્ગત નવા આઈડિયા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તે વિષય પરનો વર્કશોપ યોજાયો



હતો. આ વર્કશોપમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના એસએસઆઈપી કો-ઓર્ડિનેટર ડો. મૃણાલ અંબાસણાએ એસએસઆઈપી પ્રોગ્રામની માહિતી આપી હતી. તેમણે યુનિક આઈડિયા કેવી રીતે ડેવલોપ કરી શકાય અને આ આઈડિયાથી ઉદ્યોગ મોડેલ કઈ રીતે વિકસાવી શકાય તે અંગે જાણકારી આપી હતી. સાથે એસએસઆઈપી અંતર્ગત કોણ એપ્લાય કરી શકે, કોણ ગ્રાન્ટ આપી શકે તેની પણ જાણકારી આપી હતી. સાથે જણાવ્યું હતું કે, સરકારની જુદી જુદી એજન્સીઓ નવા ઈનોવેશન માટે વિદ્યાર્થીઓને 2.50 લાખથી લઈને 25 લાખ સુધીની નાણાંકીય સહાય પણ આપે છે. સાથે પ્રોટોટાઈપ શું છે, આઈડિયા વેલિડિશન, પેટન્ટ વગેરે અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપનું આયોજન ડો. દિનાબેન લોઢીયા, સંચાલન ભાવનાબેન ઠુમરે કર્યું હતું. જ્યારે વર્કશોપને સફળ બનાવવા ડો. રાજીવ ડાંગર, ડો. ભાવસિંહ બારડ વગેરેએ જહેમત ઉઠાવી હતી.